**મે.સુરતના બીજી મજૂર અદાલતના ન્યાયધીશ**

**શ્રી.એચ.કે.મેરીયા સાહેબની કોર્ટમાં**

**ફોજદારી નં.૨૨૫/૨૦૨૬**

**આંક–૯**

**ફરીયાદી– સરકાર પક્ષે શ્રી.ડી.એન.શાહ,નિરીક્ષક,સુરત.**

**વિરુધ્ધ**

**આરોપી–(૧) શાંતિદેવી પબ્લિક એજયુકેશન ટ્રસ્ટ (સંસ્થા)**

બીઆરટીએસ ચાર્જિંગ સ્ટેશનની બાજુમાં,નવો ગૌરવ પથ રોડ,પાલ ગામ,પાલનપોર,સુરત

**(૨) શાંતિદેવી બી ચૌધરી,(ડિરેકટરશ્રી)**

**C/o શાંતિદેવી પબ્લિક એજયુકેશન ટ્રસ્ટ (સંસ્થા)**

બીઆરટીએસ ચાર્જિંગ સ્ટેશનની બાજુમાં,નવો ગૌરવ પથ રોડ,પાલ ગામ,પાલનપોર,સુરત

(રહે.૧૮,રઘુનંદન રો હાઉસ,મહારાણા પ્રતાપ ચોક,સીએનજી પેટ્રોલપંપની નજીક,ગોડાદરા,સુરત)

**ગુન્હો–ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી (ગુજરાત)નિયમો ૧૯૭૩ ના નિયમ–૬(૭) સાથે વાંચતા નિયમ–૬(૨) ના ભંગ બદલ**

**– ચુકાદો –**

ઉપરોકત જણાવેલ આરોપીઓ સામે સરકારી શ્રમ અધિકારીશ્રી, સુરતનાએ ઉપર જણાવ્યા મુજબના ગુન્હા માટે ફરીયાદ નોંધવી છે.ત્યારબાદ આરોપીઓને સદરહું ગુના માટે સમન્સ કાઢતા નામદાર કોર્ટમાં રૂબરૂ આરોપીઓ હાજર થતાં તેઓને ફરીયાદની નકલ આપી.તેઓને ફરીયાદમાં જણાવેલ તહોમત મારી રૂબરૂ વાંચી સંભળાવી સમજાવતા તેઓએ તેમની સામે થયેલા ગુના અંગે સ્વૈચ્છિક કબુલાતનું લેખિત નિવેદન કરેલ છે જે આંક–૫ અને ૬ થી રજૂ છે અને આંક–૭ અને ૮ થી સ્વૈચ્છિક કબુલાત પુરસીસ આપી માત્ર દંડની સજા કરવા વિનંતી કરી છે.

આરોપીઓએ પ્રથમ તબકકે સ્વેચ્છાએ કબુલાત કરી હોય તેમની કબુલાત સ્વીકારી તેઓને ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એકટ–૧૯૭૨ અને ધી

પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી નિયમો,૧૯૭૩(ગુજરાત)ના નિયમ–૬(૭) સાથે વાંચતા નિયમ,૧૯૭૩ (ગુજરાત) ના નિયમ–૬(૭) સાથે વાંચતા નિયમ–૬(૨) ના ભંગ બદલ શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરે છે.આરોપીઓ સામે આક્ષેપીત ગુનાનો પ્રકાર,ગુનાની ગંભીરતા,સજાનું પ્રમાણ, આરોપીઓની સામાજીક આર્થિક જવાબદારી,આરોપીઓનો પુર્વ ઇતિહાસ ધ્યાને લઇ આરોપીઓને વધુ સજા ન કરતા માત્ર દંડની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**– આખરી હુકમ –**

આરોપીઓને ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી નિયમો,૧૯૭૩(ગુજરાત)ના નિયમ–૬(૨)ના ઉલ્લંઘન બદલ સદર અધિનિયમની કલમ–૯(૨) અન્વયે શિક્ષાપાત્ર ગુના અંગે તકસીરવાર ઠરાવી દરેક આરોપીને **રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા)**નો દંડ ભરવા અને જો દંડ ન ભરે તો તેના કસુર બદલ દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ મુજબ સદર કામે કુલ **રૂ.૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા)** વસુલ મેળવવા.

આ હુકમ આજરોજ તા.૧૪ મી,માહે– માર્ચ,સને–૨૦૨૬ ના રોજ લોકઅદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
સ્થળ–સુરત

**(હિતેન્દ્ર કરશનભાઇ મેરીયા)**
ન્યાયધીશ(એસ.ડી).
મજૂર અદાલત નં.૨,સુરત.
CODE NO.GJ01279